ક્રિએટીવ ઝોન - બાળકોમાં સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય, નવી નવી દિશા ખોલવાની ક્ષમતા આવે, નવા વિચારોને અમલમાં મૂકવા તાલાવેલી જાગે એવા હેતુ અને હાર્ટ સાથે કડી સર્વ કેળવણી મંડળ દ્વારા અનોખા અભિગમથી ક્રિએટીવ ઝોન નિર્માણ કરાયો છે... જ્યાં સતત બાળકોને નવા-નવા વિષયો અને નવા-નવા આયામો માટે મુક્ત રીતે પોતાની બુદ્ધિ-શક્તિ અને દૃષ્ટિનો મહત્તમ ઉપયોગ કરવાના પડકાર સર્જવામાં આવે છે.... શિક્ષણમાં સર્જનાત્મ શક્તિ ખીલવવાનો આ અભિનવ અભિગમ અપનાવવા બદલ કડી કેળવણી મંડળને જેટલા અભિનંદન અપાય તેટલા ઓછા છે... (તસવીર : દિપક જાની)

ગરમીનો મિજાજ યથાવત

લઘુત્તમ તાપમાન પણ ૨૮ ડીગ્રી : ગરમીનો પારો ૪૨.૬ ડીગ્રીએ સ્થિર ગરમીનો તેવર ન બદલાતા નગરજનો પરેશાન

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરમાં ગરમીનો મિજાજ હજુ યથાવત છે. અલબત્ત મહત્તમ તાપમાનનો પારો હજુ ૪૨ ડીગ્રીને પાર છે. આકમક ગરમીનું જોર હળવુ ન થતા નગરજનો આકુળવ્યાકુળ બન્યા છે. આજે મહત્તમ તાપમાનના પારો માત્ર ૦.૨ ડીગ્રી નીચે આવ્યો હતો. પરંતુ લઘુત્તમ તાપમાન પણ બે ડીગ્રી ઉંચકાતા નગરજનો દિવસની સાથે રાત્રીના પણ ગરમીની અસરથી અકળાયા છે.

હરિયાળા શહેરમાં નિખરતી ગ્રિનરી વચ્ચે ખીલતા ગરમાળાના પીળા ફૂલોના રંગીન નઝારાએ ગરમીની મોસમને વધુ હોટ બનાવી દીધી છે. ઉનાળો સોળે કળાએ ખીલ્યો છે. ગરમીના આકરા તેવરથી નગરજનો તોબા પોકારી ગયા છે. રોજબરોજ તાપમાનનો પારો ટોક ઓફ ધ ટાઉન બને છે. વેકેશનની સીઝનમાં આકરા બનતા ગરમીના દિવસોએ શહેરને વધુ શાંત બનાવી દીધુ છે. દિવસના ગરમીની અરસાના લીધે કોઈ ચહલ-પહલ જોવા મળતી નથી. સાંજ ઢળતા જ સમગ્ર શહેરમાંથી જાણે કરફ્યું ઘટી ગયો હોય તેવો નઝારો આંખ સામે સર્જાય છે. ગરમીએ પણ એકધારો મિજાજ જાળવી રાખ્યો છે. આજે પણ તાપમાનના પારામાં નહિવત હીલચાલ જોવા મળી હતી. મહત્તમ તાપમાનમાં ૦.૨ ડીગ્રીનો ઘટાડો થયો હતો. દિવસનું તાપમાન ૪૨.૬ ડીગ્રી રહ્યું હતું જ્યારે બીજીતરફ લઘુત્તમ તાપમાન પણ ઉંચકાયું છે. ન્યૂનત્તમ તાપમાન પણ ૨૮ ડિગ્રી નોંધાયું હતું. જેના પરિણામે રાત્રીના સમયે પણ નગરજનો ગરમી અનુભવી રહ્યા છે.

જૈનમ્ જયતિ શાસનમ્ : નવા ગાંધીનગરના જૈન પરિવારો આજકાલ પૂજન અર્ચનમાં અને ઉત્સવમાં વ્યસ્ત છે. સેક્ટર-૭ અને સેક્ટર-૩ના દેરાસરોનો દશાળ્દી મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. વહેલી સવારથી જૈન પરિવારો દેરાસરમાં પૂજન-અર્ચન માટે પહોંચી જાય છે. ભાવભક્તિપૂર્ણ માહોલમાં વિવિધ પ્રકારની પૂજાઓ સંપન્ન થાય છે. આચાર્ય ભગવંતો અને મુનિ મહારાજો ભાવિકોને માર્ગદર્શન આપતાં પ્રવચનો કરે છે... (તસવીર : દિપક જાની)

ગાંધીનગરમાં દરરોજ ૨૫ હજારથી વધુ ઠંડા પાણીના પાઉચ ગરમીના દિવસોમાં પીવાય છે

ગાંધીનગર, તા.૧૭

દિવસે ને દિવસે ગરમી એના પુરા રંગમાં આવી રહી છે અને પારો સતત ઉપર જઈ રહ્યો છે. ઉનાળાની આકરી ગરમીમાં બપોરે માર્ગો સુમસામ બની જાય છે. તેમજ ડામરના માર્ગો પર ડામર પણ ઓગળી રહ્યો છે. આથી નાગરિકો ભારે ત્રસ્ત બન્યા છે અને ગમે તે ભોગે ઠંડક મેળવવાનો પ્રયત્ન કરી રહ્યા છે ત્યારે ગાંધીનગરાઓ આવી કાળઝાળ ગરમીમાંદરરોજ સવારથીસાંજ સુધીમાં કુલ ૨૫ હજારથી વધુ ઠંડા પાણીના પાઉચ ખરીદીનેગટગટાવીજાય છેઅને ગરમીમાં તરસ છીપાવે છે.

ગાંધીનગર શહેરમાં ગરમીની શરૂઆત થતાં જ ગરમીનો પારો ઉંચો ને ઉંચો જ નોંધાય છે.લોકો ઠંડા પોર હોય ત્યાં સુધીમાં પોત-પોતાના કામ ખતમ કરી ૧૨ વાગ્યાની આસરાસ ઘરોમાં પુરાઈ જાય છે. ગરમીથી બચવા અને ઠંડક મેળવવા માટેલોકો અનેક ચીજવસ્તુઓનો સહારો લે છે. જ્યારે સવારથી સાંજ સુધી આમ તેમ ફરતા અને પોતાનો ધંધો રોજગાર ચલાવતા લોકોએ આવી આકરી ગરમીમાં ઘરની બહાર રહી પોતાનું કાર્ય કરવું પડે ત્યારે સ્વાભાવિક છે કે માણસને તરસ તો લાગે જ. આમ આકરી ગરમીમાં તરસ છિપાવવા માટે નગરના અનેક સ્થળોએથી પાણીના પાઉચની ખરીદી કરે છે. ગાંધીનગરાઓ દરરોજ સવારથી સાંજ સુધીમાં લોકો કુલ ૨૫ હજારથી વધુ ઠંડા પાણીના પાઉચ પી જાય છે. ત્યારે હાલ તો લોકો ગાંધીનગરના વેપારીઓને ઘી-કેળા છે અને નાના-નાના વેપારીઓ પણ કમાણી કરી રહ્યા છે.

કાળઝાળ ગરમી રાજકીય પક્ષો અને ઉમેદવારોને પરસેવો પડાવે છે

ગાંધીનગર, તા.૧૭

કાળઝાળ ગરમીએ રાજકીય પક્ષોને ચૂંટણી પ્રચાર માટે હેરાન કરી મુક્યા છે. ચૂંટણી પ્રચારમાં ગરમીએ અવરોધ ઉભો કરતાં બપોર દરમિયાન પ્રચાર કાર્ય મંદ પડી જવા પામ્યો છે.

ગુજરાતની લોકસભાની બે બેઠકો અને વિધાનસભાની ચાર બેઠકો માટેની પેટા ચૂંટણીઓ માટે ગઈકાલે ઉમેદવારીપત્રો ભરવાની તારીખ પૂર્ણ થતાં આજથી ઉમેદવારો અને રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી પ્રચાર શરૂ કરી દેવામાં આવ્યો છે.

જોકે રાજયમાં છેલ્લા એક સપ્તાહથી કાળઝાળ ગરમી પડી રહી છે. જેના કારણે દિવસે બપોર દરમિયાન પ્રચાર મંદ પડી જવા પામ્યો છે. માત્ર સવારે અને સાંજના સમયે જ પ્રચાર કાર્ય હાથ ધરવામાં આવે છે. દિવસ દરમિયાન પડી રહેલી કાળઝાળ ગરમીના કારણે લોકો બપોરના સમયે ઘરના દરવાજા બંધ કરીને ગરમીથી રાહત અનુભવી રહ્યા હોઈ બપોરના સમયે લોકસંપર્ક સાધી શકાતો નથી.

નવા સચિવાલયમાં બ્લોક નં. ૩ પાસે ગટરના દુષિત પાણીનો ભરાવો

છેલ્લા દસ દિવસથી ખદબદતી ગંદકી : સ્થળ પર પહેરો લગાવતા પોલીસ જવાનો નાકે રૂમાલ રાખે છે

ગાંધીનગર, તા. ૧૭

શહેરમાં ગટરના દૂષિત પાણી ઉભરાવવાની સમસ્યાએ સેક્ટરોમાં ભરડો લીધો છે જ્યારે હાઈપ્રોફાઈલ તથા સચિવાલય સંકુલના બ્લોક નં. ૩માં ભોંયતળિયા પાસે છેલ્લા ૧૦ દિવસથી દૂષિત પાણીનો ભરાવો થયો છે. અલબત્ત ગંદકી અને દુર્ગંધયુક્ત માહોલ વચ્ચે પોલીસ જવાનો પણ નાકે રૂમાલ રાખી બન્દોબસ્તમાં ખડા થયેલા નજરે પડે છે.

શહેરના સેકટરોમાં દિનપ્રતિદિન ગટરો ઉભરાવવાની સમસ્યાઓ વધતા સ્થાનિક રહીશો તોબા પોકારી ગયા છે. સેક્ટરોમાં ઘર આંગણે ગટરનું દુષિત પાણી ઉભરાતા રહીશોએ ગંદકી વચ્ચે ગુંગળામણ

● અનુસંધાન પાન-૭ પર

(તસવીર : વિપુલ ચૌહાણ)

નો-પાર્કિંગ ઝોન અન્વયે વર્ષમાં રૂ. ૩.૫૩ લાખનો દંડ વસુલાયો

બસ સ્ટોપમાં ૨૦૦ મીટરની હદમાં ઉભા રહેતા ૮૨૦ વાહનો ડીટેઈન કરાયા

ગાંધીનગર, તા. ૧૭

એસ.ટી. તંત્ર દ્વારા છેલ્લા એક વર્ષમાં નો-પાર્કિંગ ઝોનમાં ફરકતા ખાનગી વાહનો સંદર્ભે ૪૩૭૧ કેસ દાખલ કરવામાં આવ્યા હતા જ્યારે આ પૈકી નિયમના ભંગ બદલ રૂ. ૩.૫૩ લાખનો દંડ વસુલવામાં આવ્યો હતો.

શહેરમાં સ્થિત એસ.ટી. બસ સ્ટેન્ડ આસપાસના ૨૦૦ મીટરની હદના વિસ્તારમાં ખાનગી વાહનચાલકોની દખલગીરી દૂર કરવા એસ.ટી. તંત્ર દ્વારા નો પાર્કિંગ ઝોન અન્વયે કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. શહેરના વિવિધ બસ સ્ટોપ્સ પાસે ૨૦૦ મીટરની હદમાં ઉભા રહેતા ખાનગી વાહનો સામે પગલા ખાસ ઝુંબેશ પણ હાથ ધરવામાં આવે છે. જે દરમિયાન પરમીટ વગરના વાહનો સામે પણ ગુનો દાખલ કરવામાં આવે છે. સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર છેલ્લા એક વર્ષ દરમિયાન તંત્ર દ્વારા નો પાર્કિંગ ઝોન અન્વયે ૪૩૭૧ કેસ દાખલ કરવામાં આવ્યા હતા જ્યારે આ પૈકી ૮૨૦ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા જ્યારે છેલ્લા એક વર્ષમાં નો પાર્કિંગ ઝોનના નિયમ ભંગ બદલ તંત્રે રૂ. ૩.૫૩ લાખનો દંડ વસુલ્યો છે.

હાર્દિક અભિનંદન

માન.શ્રી આર.સી ફળદુ
પ્રદેશ પ્રમુખ
ભાજપ ગુજરાત પ્રદેશ

શ્રી આશિષ દવે
ચેરમેન
સ્ટેન્ડીંગ કમિટી
ગાંધીનગર મનપા

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના ચેરમેન તરીકે આપની કરાયેલી વરણી બદલ હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ...

માન.શ્રી નરેન્દ્રભાઈ મોદી
મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય

હિતેશ પટેલ
મહામંત્રી, પ્રદેશ યુવા મોરચો
ગુજરાત પ્રદેશ ભાજપ

સત્યદીપસિંહ પરમાર
મહામંત્રી, ભાજપ યુવા મોરચા
ગાંધીનગર શહેર

પટેલ રજનીકાન્ત બી. - હડિયોલ, હિંમતનગર
પટેલ જિગ્નેશ કે. - હડિયોલ, હિંમતનગર
પટેલ રાકેશ બી. - ગોવિંદપુરા, વિજાપુર
પટેલ ભરત વી. - ગોવિંદપુરા, વિજાપુર
પટેલ શૈલેષ સી. - ગોવિંદપુરા, વિજાપુર

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૧૧ નવા પ્રોફેશનલ કોર્સ શરૂ કરાયા

અમદાવાદ, તા.૧૭

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા બાળકોને હવે માધ્યમિક સ્તરથી જ પ્રોફેશનલ કોર્સોનું શિક્ષણ મળી રહે તે માટે કમર કસી છે. જેથી બાળકોના કારકિર્દી બનાવવાના મદદરૂપ થવાના ઉદેશ્યથી ૧૧ નવા પ્રોફેશનલ કોર્સ શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ધોરણ-૯થી શરૂ કરવામાં આવનાર આ અભ્યાસકમમાં ચાલુ વર્ષથી સીબીએસઈના વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે. ઉચ્ચ શિક્ષણ સ્તરે પ્રોફેશનલ કોર્સનું મહત્વ વધતું જાય છે. જેથી વિદ્યાર્થીઓને ભવિષ્યની કારકિર્દી માટે માધ્યમિક શાળાના સ્તરથી તૈયાર કરવા માટે કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ મથામણ હાથ ધરી છે. જેના ભાગરૂપે સીબીએસઈના આગામી શૈક્ષણિક વર્ષથી ૧૧ નવા પ્રોફેશનલ કોર્સ શરૂ કરવાનો નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ ધોરણ-૯થી કરિયર ઓરિયન્ટેડ કોર્સ પસંદ કરી શકશે. જે ૧૧ નવા પ્રોફેશનલ કોર્સ શરૂ કરવામાં આવ્યા છે. તેમાં (૧) રિટેલ માર્કેટીંગ, (૨) માસ મીડિયા, (૩) મીડિયા પ્રોડકશન, (૪) હેલ્થ એન્ડ બ્યુટી, (૫) ઈન્ફોર્મેશન ટેકનોલોજી, (૬) સિક્યોરીટી, (૭) ઓટોમોબાઈલ, (૮) બેકિંગ અને ઈન્સ્યોરન્સ, (૯) હોસ્પિટાલીટી અને ટુરીઝમ, (૧૦) મ્યુઝીક પ્રોડકશન અને (૧૧) ડિઝાઈન અને મેડિકલ ડાયગનોસ્ટિનો સમાવેશ થાય છે. જેમાંથી પોતાના રસ પ્રમાણે વિષય પસંદ કરી શકશે. આ કોર્સની સમય મર્યાદા બે વર્ષથી હશે. જેને વિદ્યાર્થીઓ ધોરણ-૯થી ૧૨ સુધીના અભ્યાસ દરમિયાન ગમે ત્યારે પૂર્ણ કરી શકશે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧,૨૩૨૩૭૫૭૧

BCA After Std. 12th science / Commerce
An opportunity for girls
Programme - Affiliated to Gujarat University

- College Established in 2009, only for girls students.
- Whole campus is only for girls and having Hostel Facility in the campus
- In Each Class Room only 60 Students and Intact of BCA is of 120 students so that student can get personally guidance.
- After BCA students can get admission in the second year of MCA so that students will have MCA degree within 5 years after std. 12th. (See AICTE website for more information)
- Our First Batch having Ranks in Gujarat University Examination.



Shree Akhil Anjana Kelavani Mandal Sanchalit
Chaudhari College of Computer Application
Opp. Central Bus Depot, Sector – 7, Gandhinagar
Website: www.aakmsbca.ac.in
e.mail us : coca_bca@yahoo.com
Contact Us:
(079) 23241533/34
(M) 9924475655
(M) 9426359360

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com